# 23

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

***15/4/1675 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા)**: માનનીય અન્ન. નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો કયા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઇસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | કબ્જે લીધેલ જથ્થો | | |
|---|---|---|---|
| | જણસી | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂ. પૈસા) |
| અરવલ્લી | ૦ | ૦ | ૦ |
| સાબરકાંઠા | ચોખા | ૪૭૭૦૨.૬૮ | ૧૩૩૫૬૭૫ |

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં ૧૨ ઇસમો સંડોવાયેલ છે.

(૩) ઉક્ત ૧૨ ઇસમો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.